અપીલ અરજી નં.૯૪ તા.૧૮–૭–૦૮

અરજદારઃ શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈ
સામાવાળાઃડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈની આઈ ડી.નં.૨૫૨ તા.૧૧–૬–૦૮ ની અરજીથી તા.૧૩–૫–૦૮ ની રજુઆત ૪૬૫૩૯ મીટરમાંથી ૨૦% જમીન સુરત મહાનગરપાલિકાને આપેલ તે જેતે અધિકારીને વ્યકિતગત સ્વાર્થ નહીં મળતા કરેલ કૃત્ય મુદ્દા નં.૧ થી ૪ બાબત.

***સંદર્ભ :–***અરજદાર મજકુરની તા.૧૮–૭–'૦૮ ની અપીલ અરજી નં.૯૪/૨૦૦૮–૦૯

શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈની તા.૧૧–૬–૦૮ ની અરજીથી તા.૧૩–૫–૦૮ ની રજુઆત ૪૬૫૩૯ મીટરમાંથી ૨૦% જમીન સુરત મહાનગરપાલિકાને આપેલ તે જેતે અધિકારીને વ્યકિતગત સ્વાર્થ નહીં મળતા કરેલ કૃત્ય મુદ્દા નં.૧ થી ૪ બાબતે નિયત સમયમર્યાદામા કોઈપણ માહિતી ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલ અંગે કોઈ આધાર સમર્થન રજુ કરેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૧ તા.૨૪–૭–૦૮ના રોજ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ટીપીડી/આ.નં.૩૪૯૯ તા.૧૩–૮–૦૮ થી અરજદારને પૂરી પાડેલ માહિતી પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારે આરટીઆઈ એકટ હેઠળ તા.૧૧–૬–૦૮ ના રોજ કરેલ મુળ અરજી તા.૧૩–૫–૦૮ થી રજુઆત અને ફરીયાદ અંગે કોઈ માહિતીનો જવાબ ન મળવાને કારણે અપીલ અરજી કરેલ. પરંતુ અરજદાર તરફથી તે અંગે કોઈ આધાર પુરાવા કે તા.૧૩–૫–૦૮ ની મુળ અરજી રજુ કરવામાં આવેલ નથી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપવામાં આવેલી માહિતી જોતાં નં.ટીપીડી/આ.નં.૨૮૬૫ તા.૧૯–૭–૦૮ થી નિયત સમય અવધિ બાદ જરૂરી ફી ભરી અરજદારને માહિતી મેળવી લેવા જણાવેલ છે. જે માહિતી અરજદારને નં.ટીપીડી/આ.નં.૩૪૯૯ તા.૧૩–૮–૦૮ ના રોજ અરજદારને વિલંબથી મોકલાયેલ હોવાનું જણાય છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ અરજદારને પાઠવેલ નકલોની વિગતો માંગવા છતાં અત્રે મળેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૧–૬–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી અરજદારને નં.ટીપીડી/આ.નં.૩૪૯૯ તા.૧૩–૮–૦૮ ના રોજ પૂરી પાડયાનું જણાય છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરી કામકાજના દિવસો દરમ્યાન સંબંધિત ફાઈલનું દફતરી નિરીક્ષણ કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ કરી શકે છે. અરજદાર તરફથી રજૂઆત થયે દિન–૭ માં જાહેર માહિતી અધિકારીએ તે મુજબ અમલવારી કરી પુર્તતા રીપોર્ટ અત્રે મોકલવા જણાવવામાં આવે છે . ફરીયાદ નિકાલ કે કાર્યવાહી હાથ ધરવાને લગતી બાબતે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈ,